# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

=============================================================

**અખબારી યાદી** **૨૯-૦૧-૨૦૨૪**

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે અમદાવાદ શહેરના ઠક્કરબાપા વિસ્તારનાશ્રી અશોકભાઇ પરમાર, શ્રી કાળુભાઇ ચારણ સહીત ૫૦થી વધુ સામાજિક-રાજકીય કાર્યકરો-આગેવાનો અને વિરાટનગર વિસ્તારના પૂર્વ કોર્પોરેટર ભાજપ પક્ષમાંથી રાજીનામું આપીને તેમેના હોદ્દેદારો સાથે વિધિવત રીતે કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા.

અમદાવાદ શહેરના ઠક્કરબાપાનગરના અગ્રણી શ્રી અશોકભાઇ પરમાર અને વિરાટનગર વિસ્તારના પૂર્વ કોર્પોરેટરશ્રી ગીતાબેન પટેલ અને કાર્યકર્તાઓએ ખેસ પહેરીને આવકારતા અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાવા પ્રદેશ પ્રમુખશ્રી તરીકે શ્રી શક્તિસિંહ ગોહિલે કરેલ આહાનને બહોળો પ્રતિસાદ મળેલ છે. રાજકીય અને બિનરાજકીય અનેક આગેવાન-કાર્યકર્તા અવિરત રીતે કોંગ્રેસમાં જોડાઇ રહ્યા છે.

ભાજપમાં જોડાયેલા કોંગ્રેસી નેતાઓ અંગે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમારએ જણાવ્યું હતું કે ભાજપ સમગ્ર દેશમાં ચૂંટાયેલી સરકાર તોડવાનું કામ કરે છે. લોકસભા ચૂંટણી પૂર્વે સરકાર અને ચૂંટાયેલા સભ્યો તોડવાનું કામ ચાલી રહ્યું છે. ૪૦૦ બેઠકોનો ટાર્ગેટ કરતી ભાજપને જમીની હકીકતથી વાકેફ છે. આ જ કારણથી વિવિધ પાર્ટીના લોકોને ભાજપમાં જોડે છે,ભાજપમાં જોડાયેલા નેતાઓ ચીઠ્ઠીમાં જે લખાયું હોય તે જ બોલતા હોય છે,ડિપોઝિટ જમાં થયેલા નેતાઓ પોતાની ડિપોઝિટ ના સાચવી શક્યા એ ક્યાં મોઢે કોંગ્રેસના નેતૃત્વ પર સવાલ કરે છે.ભાજપમાં ગયેલા કોંગ્રેસના નેતાઓને તો પાથરણા પાથરવા પણ ભાજપ ઉપયોગ નહિ કરે. કૌભાંડમાં સપડાયેલા નેતાઓને ખબર છે કે સાબરમતી મહાત્મા ગાંધી વિચારધારામાં રહેવું કે સાબરમતી જેલમાં ન જવું પડે તે માટે નેતાઓ ભાજપમાં જાય છે તેમની મજબૂરી બધા જાણે છે.

અમદાવાદ શહેરનાં ઠક્કરબાપાનગર વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેશભાઇ પરમાર, અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતના ઉપપ્રમુખશ્રી બિમલભાઇ શાહના હસ્તે કોંગ્રેસ પક્ષનો ખેસ પહેરીને વિધિવત રીતે કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા. તેમને પક્ષમાં આવકાર આપીને આગામી દિવસોમાં કોંગેસ પક્ષમાં મજબુત રીતે કામ કરીને જનતાની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમમા યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરી છે. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી રત્નાબેન વોરા, પૂર્વ કોર્પોરેટર અને નિકોલ વિધાનસભાના કોંગ્રેસ પક્ષના ઉમેદવારશ્રી રણજીતસિંહ બારડ સહીત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**( ડૉ. મનિષ એમ. દોશી )**
**મીડિયા કન્વીનર અને પ્રવક્તા**
**Mob : 9426001599**